**ભિલોડાના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક, સાહેબશ્રી ની કોર્ટમાં,મુ.ભિલોડા**

CC NO.775/2026

EXI.

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:–** અવિનાશકુમાર કનુભાઈ નિનામા,
રહે.નવા વેણપુર, તા.શામળાજી,જી.અરવલ્લી

**ગુન્હો :– પ્રોહી. કલમ–૬૫(એ)(એ) મુજબ**

---

**–:: ઠરાવ::–**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહી.કલમ–૬૫(એ)(એ) મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે. તે મુજબનું તહોમતનામું વાંચી સંભળાવતા આરોપી સ્વૈચ્છાએ મજકુર ગુન્હાની કબુલાત કરે છે. જે અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે આરોપીને વાંચી સંભળાવતા સ્વૈછાએ સમજી, વિચારી કબુલાત કરેલ છે અને આરોપીની પ્લી લેતા તેઓએ ગુન્હાનો એકરાર કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છુ. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમા સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા

કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૭૫ મુજબ પ્રોહી કલમ-૬૫(એ) (એ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચ્ચાસ પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ - ૦૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે

આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદ્ધામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧મી, માહે: જુલાઇ, સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. ભિલોડા.**

**તારીખ:૧૧/૦૭/૨૦૨૬**

**(એ.એ.દવે)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.**
**ભિલોડા.**
UID CODE GJO1442